જીગર
Jigar Publicity
Publisher of Industrial Directory
+91 99989 80519

# બર્ડ વ્યૂ ઓફ ઈન્ડસ્ટ્રીઝ
# BIRD VIEW OF INDUSTRIES

તંત્રી : જિતેન્દ્રકુમાર બબલભાઈ પટેલ
EDITOR: JITENDRAKUMAR BABALBHAI PATEL

(ગુજરાતી પાક્ષિક વર્તમાનપત્ર)
(Gujarati Fortnightly Newspaper)

VOLUME : 18 ISSUE : 08 DATE: 16- 07 -2026 (વિક્રમ સંવત ૨૦૮૨ અષાઢ સુદ બીજ) PAGES : 4 Retail Price Rs: 3/- RNI NO: GUJGUJ/2009/28249
OMKAR-2 COMPLEX, TF-66, THIRD FLOOR, NEAR LORDS PLAZA HOTEL, STATION ROAD, G.I.D.C, ANKLESHWAR-2, DIST: BHARUCH (9998980519)
www.birdviewofindustries.com Email: birdviewofindustries@gmail.com Post Reg. No: G2/RNP/BCH/126/2024-2026


# DCM શ્રીરામ કેમિકલ્સના ઝઘડિયા પ્લાન્ટને વર્લ્ડ ઈકોનોમિક ફોરમની ગ્લોબલ લાઈટહાઉસ માન્યતા

ઝઘડિયા, ગુજરાતઃ DCM શ્રીરામ કેમિકલ્સના ઝઘડિયા સ્થિત મેન્યુફેક્ચરિંગ પ્લાન્ટને વર્લ્ડ ઈકોનોમિક ફોરમ (WEF) દ્વારા ગ્લોબલ લાઈટહાઉસ નેટવર્ક (GLN) અંતર્ગત "ડિસ્ટિંક્શન ઈન પ્રોડક્ટિવિટી"ની પ્રતિષ્ઠિત માન્યતા પ્રાપ્ત થઈ છે. વર્ષ ૨૦૨૬ દરમિયાન વિશ્વભરમાંથી પસંદ કરાયેલા માત્ર ૧૬ મેન્યુફેક્ચરિંગ પ્લાન્ટોમાં ઝઘડિયા પ્લાન્ટનો સમાવેશ થયો છે, જે ડિજિટલ ટ્રાન્સફોર્મેશન અને ઓપરેશનલ એક્સેલન્સ ક્ષેત્રે તેની નોંધપાત્ર સિદ્ધિઓને પ્રતિબિંબિત કરે છે.

ગ્લોબલ લાઈટહાઉસ નેટવર્ક એવા મેન્યુફેક્ચરિંગ પ્લાન્ટોને સન્માનિત કરે છે, જે અદ્યતન ડિજિટલ ટેકનોલોજીના અસરકારક ઉપયોગ દ્વારા ઉત્પાદકતા, ટકાઉ વિકાસ (સસ્ટેનેબિલિટી) અને ઓપરેશનલ કાર્યક્ષમતામાં નોંધપાત્ર વધારો કરે છે. આ માન્યતા સાથે ઝઘડિયા પ્લાન્ટ વિશ્વના ૨૩૮ અગ્રણી સ્માર્ટ મેન્યુફેક્ચરિંગ પ્લાન્ટોના પ્રતિષ્ઠિત નેટવર્કમાં સામેલ થયો છે.

ભારતના સૌથી મોટા કોસ્ટિક સોડા ઉત્પાદન પ્લાન્ટ તરીકે ઓળખાતા ઝઘડિયા પ્લાન્ટમાં ઊર્જાનો વપરાશ ખૂબ જ વધુ છે, જ્યાં વીજળીનો ખર્ચ સ્પર્ધાત્મકતા માટે મહત્ત્વનું પરિબળ છે. કંપનીએ AI આધારિત પ્રોસેસ કંટ્રોલ સિસ્ટમ અને જનરેટિવ AI આધારિત મેન્ટેનન્સ મેનેજમેન્ટ પ્લેટફોર્મ સહિત કુલ ૪૫ અદ્યતન ડિજિટલ અને એનાલિટિક્સ સોલ્યુશન્સ અમલમાં મૂકીને ઓપરેશનમાં નોંધપાત્ર સુધારો હાંસલ કર્યો છે.

આ ડિજિટલ પહેલોના પરિણામે કંપનીના EBITDAમાં ૧૧ ટકા પોઈન્ટનો વધારો, વીજળીના ખર્ચમાં ૩૨ ટકાનો ઘટાડો, કાચા માલના ખર્ચમાં ૧૫ ટકાનો ઘટાડો તેમજ કાર્બન ડાયોક્સાઈડ (CO2) ઉત્સર્જનમાં ૧૪ ટકાનો ઘટાડો નોંધાયો છે. આ પરિણામો ટેકનોલોજી આધારિત મેન્યુફેક્ચરિંગની અસરકારકતાને ઉજાગર કરે છે.

આ સિદ્ધિ જુલાઈ ૨૦૨૪માં શરૂ કરાયેલા "પ્રોજેક્ટ BLESSED (Becoming a Lighthouse through Exemplary Safety Systems & Excellence in Digitalization)" ના સફળ અમલીકરણ બાદ પ્રાપ્ત થઈ છે. આ પ્રોજેક્ટનો મુખ્ય હેતુ ડિજિટલ ટ્રાન્સફોર્મેશનને વેગ આપવાનો, સલામતી પ્રણાલીઓને વધુ મજબૂત બનાવવાનો, ઓપરેશનલ નિર્ણયો વધુ અસરકારક બનાવવાનો તથા અદ્યતન ટેકનોલોજી દ્વારા મેન્યુફેક્ચરિંગમાં શ્રેષ્ઠતા હાંસલ કરવાનો છે.

આ પ્રસંગે DCM શ્રીરામ લિમિટેડના ચેરમેન અને સિનિયર મેનેજિંગ ડિરેક્ટર અજય એસ. શ્રીરામ તેમજ વાઈસ ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર વિક્રમ એસ. શ્રીરામે જણાવ્યું હતું કે આ સન્માન ટેકનોલોજી, નવીનતા અને ઓપરેશનલ એક્સેલન્સ પર આધારિત વિશ્વસ્તરીય મેન્યુફેક્ચરિંગ સુવિધાઓના નિર્માણ માટે કંપનીની દીર્ઘકાલીન પ્રતિબદ્ધતાનો પુરાવો છે.

તેમણે જણાવ્યું કે ડિજિટલ ટ્રાન્સફોર્મેશનમાં સતત કરવામાં આવેલા રોકાણ અને કર્મચારીઓની સમર્પિત કાર્યશૈલીના કારણે ઉત્પાદકતા, સ્પર્ધાત્મકતા અને ટકાઉ વિકાસમાં નોંધપાત્ર સુધારો થયો છે. તેમણે વધુમાં ઉમેર્યું કે ટેકનોલોજી જવાબદાર અને ભવિષ્યલક્ષી વિકાસનું મુખ્ય માધ્યમ છે, જે ગ્રાહકો, કર્મચારીઓ, શેરધારકો અને સમાજ માટે દીર્ઘકાલીન મૂલ્યનું સર્જન કરવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. આ માન્યતા ભારતને સ્માર્ટ, ટકાઉ અને ડિજિટલ સક્ષમ મેન્યુફેક્ચરિંગના વૈશ્વિક કેન્દ્ર તરીકે મળતી વધતી ઓળખને વધુ મજબૂત બનાવે છે. આ સાથે DCM શ્રીરામ કેમિકલ્સનો ઝઘડિયા પ્લાન્ટ હવે વિશ્વના અગ્રણી ઔદ્યોગિક મેન્યુફેક્ચરિંગ પ્લાન્ટોની હરોળમાં સ્થાન પામ્યો છે.

## ખાનગી વાહનોના રજિસ્ટ્રેશન અને ફિટનેસ નિયમો બદલાયા

વાહન વ્યવહાર કમિશનર કચેરી ગાંધીનગર દ્વારા રાજ્યના તમામ સહાયક અને પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીઓને જીએસઆર ૩૪૯(ઇ)ના અમલીકરણ અંગે મહત્વનો પરિપત્ર જારી કરવામાં આવ્યો છે. પરિપત્રમાં જણાવાયું છે કે, માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રાલય દ્વારા ૮ મે, ૨૦૨૬ના રોજ જાહેર કરાયેલા જીએસઆર ૩૪૯(ઇ) નોટિફિકેશનના અમલ માટે એનઆઈસી દ્વારા જરૂરી ટેકનિકલ સુધારા પૂર્ણ ન થાય ત્યાં સુધી, નોટિફિકેશનમાં દર્શાવેલી જોગવાઈ મુજબ કામગીરી સુનિશ્ચિત કરવાની સૂચના અગાઉ આપવામાં આવી હતી.આ દરમિયાન મહેસાણા આરટીઓ દ્વારા કેટલાક મુદ્દાઓ પર માર્ગદર્શન માંગવામાં આવતા વાહન વ્યવહાર કમિશનર કચેરીએ વધુ સ્પષ્ટતા કરી છે. પરિપત્ર મુજબ નોન-ટ્રાન્સપોર્ટ (ખાનગી) વાહનોના રિન્યૂઅલ ઓફ રજિસ્ટ્રેશન માટેની અરજીઓમાં કેન્દ્રીય મોટર વાહન નિયમો મુજબ નિર્ધારિત ફી વસૂલવાની રહેશે. પરિપત્રમાં વધુમાં જણાવાયું છે કે, જીએસઆર ૩૪૯(ઇ) હેઠળ પ્રથમ વખત નોન-ટ્રાન્સપોર્ટ વાહનો માટે ફિટનેસ પ્રમાણપત્રની જોગવાઈ કરવામાં આવી છે. તેથી હાલમાં જ્યારે આવા વાહનોનું પ્રથમ વખત ફિટનેસ પરીક્ષણ કરાવવામાં આવશે, ત્યારે તેમાં વિલંબ થવા છતાં રૂ. ૫૦ પ્રતિ દિવસની વધારાની લેટ ફી વસૂલવામાં આવશે નહીં.જોકે, એક વખત પ્રથમ ફિટનેસ પૂર્ણ થયા બાદ ભવિષ્યમાં રીન્યૂઅલ ઓફ ફિટનેસ કરાવવાનું થશે, અને તેમાં વિલંબ થશે તો, રૂ. ૫૦ પ્રતિ દિવસનો વધારાનો લેટ ફી દંડ લાગુ પડશે. વાહન વ્યવહાર કમિશનર કચેરીએ રાજ્યની તમામ આરટીઓ અને એઆરટીઓ કચેરીઓને આ માર્ગદર્શિકા મુજબ કામગીરી સુનિશ્ચિત કરવા સૂચના આપી છે.

## જીપીસીબી દ્વારા જોખમી કચરાનો રિસાયકલર્સ સલામત નિકાલ કરે છે કે નહીં તેની દર છ મહિને નિરીક્ષણ કરાશે

રાજ્યમાં કેમિકલ કંપનીઓનું અને તેને લગતી ઔદ્યોગિક અને વ્યવસાયિક પ્રવૃત્તિ વધતી જય રહી છે તેમ તેમ જોખમી કચરાનું પ્રમાણ વધી રહ્યું છે તેથી તેનું રિસાયકલિંગ કરવામાં આવે છે પરંતુ તે કામગીરી પણ નિયમાનુસાર થાય છે કે નહીં તે માટે દર છ મહિને તેનું ફરજિયાત નિરીક્ષણ કરવા ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડે નિર્ણય લીધો છે. જીપીસીબી દ્વારા તમામ પ્રાદેશિક કચેરીઓને આ માટે આદેશ જારી કરાયો છે અને રિસાયકલિંગ કરતી એજન્સીઓ ઉપર મોનિટરિંગ કરવા જણાવાયું છે.

જોખમી તેમજ અન્ય કચરાનું યોગ્ય વ્યવસ્થાપન થાય તે માટે તેનો યોગ્ય જગ્યાએ સંગ્રહ કરીને રિસાયકલિંગ મારફતે તેનો સલામત રીતે નિકાલ થાય તેવી કામગીરી રિસાયકલર્સ દ્વારા કરવામાં આવતી હોય છે. જેના કારણે હવા, પાણી કે જમીનનું પ્રદૂષણ ફેલાય નહીં. જો કે અવારનવાર જોખમી કચરાનો વરસાદી પાણીથી લઈને ખુલ્લામાં કે અન્ય ગેરકાયદે રીતે નિકાલ કરવાની ઘટનાઓ રાજ્યમાં બહાર આવતી હોય છે. તેને ગંભીરતાથી લઈને જીપીસીબી દ્વારા જોખમી કચરાના અધિકૃત રિસાયકલર્સ અને તેની સાથે જોડાયેલા હોય તેમની કામગીરી ઉપર મોનિટરિંગ કરવાનો નિર્ણય લેવાયો છે. જેના ભાગરૂપે રાજ્યની તમામ પ્રાદેશિક કચેરીઓને દર છ મહિને ઓછામાં ઓછું એક વખત સંપૂર્ણ રીતે મોનિટરિંગ કરવા સૂચના જારી કરાઈ છે.

જેમાં જોખમી કચરાના રિસાયકલિંગ અને ઉપયોગ માટે કેન્દ્રીય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ (CPCB) દ્વારા બહાર પાડવામાં આવેલી સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રોસિજર-એસઓપી અને તેની માર્ગદર્શિકાનું નિયમબદ્ધ પાલન કરવું ફરજિયાત છે. જેમાં કામગીરી નિયમ અનુસાર થાય છે કે નહીં તેની ચકાસણી કરવામાં આવશે.

GPCB તાપસ કરશે કે રિસાયકલર્સ પાસે એસઓપી મુજબ જરૂરી સુવિધા છે કે નહીં, કામગીરી માટેની અધિકૃતતા અને અન્ય મંજૂરીની શરતોનું પાલન થઈ રહ્યું છે કે નહીં અને મંજૂર સ્ત્રોતમાંથી જ જોખમી કચરો મેળવવામાં આવે છે કે નહીં તેની તપાસ કરાશે. જે કચરો મેળવાય અને અવશેષોનો યોગ્ય હિસાબ રખાય છે કે નહીં અને નિકાલ કેવી રીતે કરવામાં આવે છે તે પણ જોવાશે. પ્રાદેશિક કચેરીઓએ દરેક મુદ્દાની વિગતવાર જાણકારી જીપીસીબીને આપવા તાકીદ કરાઈ છે.





FOR SALE

1. G.L Reactor 100 Litter to 10,000 Litter
2. G.L Receiver 100 Litter to 10,000 Litter
3. Cooling Tower 30TR to 600 TR
4. PP. Filter press size 24", 36", 48",
5. PP. Membrane Filter press size 48x48"

Mr. M.D Patel (M) 98241 01133 Mr. Sajan Patel (M) 98241 08885
Plot No: A1-5301, Opp. Global Trade Center, Near J.P. Industries, Mega Chowkadi,
GIDC, Ankleshwar - 393 002, Dist: Bharuch (Gujarat) INDIA
E-mail: sales@megamachineryindia.com | Web: www.megamachineryindia.com






## તંત્રીલેખ

# રખડતા ઢોરનો ૧૮૭૧ થી વણ ઉકેલેલો પ્રશ્ન

અંકલેશ્વર નોટીફાઈડના મુખ્ય અધિકારી દ્વારા તાજેતરમાંઅખબારોમાં ઢોર અપ્રવેશ અધિનિયમ ૧૮૭૧ હેઠળ જાહેરનામાં હેઠળ એક નોટિસ પ્રસિદ્ધ કરીને રખડતા પશુઓના માલિકોને ચેતવણી આપવામાં આવી કે અંકલેશ્વર નોટીફાઈડ હદ વિસ્તાર તેમજ તેની લગોલગ આવેલ સોસાયટીઓમાં પશુપાલનનો વ્યવસાય કરતા ઈસમોને જણાવવાનું કે અંકલેશ્વર નોટિફાઈડના વિસ્તારના રસ્તાઓ ઉપર એમજ સોસાયટીઓમાં પશુઓને છોડી મુકવામાં આવે છે. જેના કારણે વાહન ચાલકોને તકલીફ પડે છે.અને વારંવાર અકસ્માતના બનાવો બનતા હોય છે.જેથી અત્રેના વિસ્તારમાં પશુઓને છુટા છોડવા નહીં. જેની જાણ કરવામાં આવે છે.જાહેર સૂચના પ્રસિદ્ધ થયેથી અંકલેશ્વર નોટીફાઈડ વિસ્તારના માર્ગો ઉપર તેમજ સોસાયટીઓમાં રખડતા પશુ જોવા મળશે તો અંકલેશ્વર નોટીફાઈડ વિસ્તાર તરફથી ઢોર અપ્રવેશ અધિનિયમ ૧૮૭૧ અન્વયે રખડતા પશુઓને પકડીને નિયત જગ્યાએ મુકવામાં આવશે.અને આ અંગે નિયત કરેલ પશુ દીઠ દંડની રકમ ભરપાઈ કર્યેથી પશુઓને મુક્ત કરવામાં આવશે.

આ જાહેરાતની ખાસિયત એ છે કે ૧૮૭૧ નો કાયદો છે. સમગ્ર દેશમાં મોટા કે નાના શહેરોમાં આ પ્રશ્ન ખૂબ જ ગંભીર છે. છતાં તે બાબતમાં નવો કાયદો બનાવવાની કે કાયદામાં ફેરબદલની વિચારણા થતી નથી. ૧૮૭૧ ના કાયદાનો સંદર્ભ આપીને નોટિસ પ્રસિદ્ધ કરાય છે. ૧૮૫૭માં અંગ્રેજો સામે વિપ્લવ થયો હતો. તેના ૧૫ વર્ષ પછીનો કાયદો છે. કેટલો જૂનો છે વિચારી જુઓ. શું તે વખતે પણ રખડતા ઢોરનો પ્રશ્ન હશે? આશ્ચર્ય ઉપજાવે તેવી બાબત છે. તે વખતના પ્રશ્નને આજના પ્રશ્ન સાથે સરખાવી શકાય?

શું આ પ્રશ્નનો કોઈ સચોટ ઉકેલ છે ખરો કે પછી ફક્ત ઢોર પકડીને સંતોષ માનવાનો.જે થોડા સમયમાં માલિકો છોડાવીને પાછા એ જ જગ્યા પર હાજર થઇ જાય. વચ્ચે નોટીફાઈડ દ્વારા એક ઉકેલ સૂચવવામાં આવ્યો હતો. જેનો કોઈ ખર્ચ ન હતો. સફળતા મળવાની સંભાવના હતી. પરંતુ લોકોએ ફક્ત ફરિયાદ કરવી છે. ઉકેલ માટે પ્રયાસ નથી કરવો. ઉકેલ માટે કોઈ પ્રયાસ નહોતો કરવાનો. ફક્ત જે કરો છો એ કરવાનું છોડી દેવાનું હતું. એસ્ટેટમાં ઠેર ઠેર પશુઓ માટે પાણી પીવા માટે જે પીપ જે અન્ય વ્યવસ્થાઓ કરાય છે. તે બંધ કરવાની હતી. ફક્ત એક કે બે મહિના તેનો કડક અમલ કરીને જોવાનું હતું કે શું પરિણામ આવે છે. પરતું લોકોના મનમાં આ વાત ઉતરી નહીં. ફરી ફરિયાદો થવા માંડી કે રખડતા ધોરણો પ્રશ્ન વણસી ગયો છે.

આમ તો દરેક નગરપાલિકા પાસે ઢોર પુરવાનો ડબ્બો હોય છે. તેવી રીતે અંકલેશ્વર નોટીફાઈડમાં પણ સુવિધા ઉભી કરાવી જોઈએ. જેનાથી પશુ માલિકો પર એક પ્રકારનું દબાણ ઉભું કરી શકાય છે. બાકી ઢોરને પકડાવું. પાંજરામાં પૂરવું. બીજા શહેરમાં મુકવા જવું. એક પ્રકારના સરકસના ખેલ જેવું બની જાય છે. શો પૂરો થતા સૌ ભેગા બેસીને ચા પીવે. ફરી બીજા શો ની તૈયારીમાં લાગી જાય.

## તમે પ્રાકૃતિક ધરોહર પણ સાચવી શકતા નથી તે દુઃખદઃ નળ સરોવર મુદ્દે હાઈકોર્ટે સરકારને ઝાટકી

ગુજરાત રાજ્યમાં નળ સરોવર, વઢવાણ વેટલેન્ડ, થોળ તળાવ, ખીજડીયા વન્યજીવ અભયારણ્ય અને નડાબેટ વિસ્તારમાં વેટલેન્ડ્સની જાળવણી મુદ્દે ગુજરાત હાઈકોર્ટે દાખલ કરેલી સુઓમોટો જાહેરહિતની અરજીમાં આજે ચીફ જસ્ટિસ સુનિતા અગ્રવાલ અને જસ્ટિસ ડી.એન. રેની ખંડપીઠે રાજ્ય સરકાર અને જીપીસીબી સત્તાવાળાઓને આકરા શબ્દોમાં ઝાટક્યા હતા. અદાલતના વારંવારના નિર્દેશો છતાં તેનું યોગ્ય અને અસરકારક પાલન ન થતાં હાઈકોર્ટે ભારોભાર નારાજગી વ્યક્ત કરી સરકારની ટીકા કરી હતી. હાઈકોર્ટે પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ દ્વારા રજૂ કરાયેલા સોગંદનામા પર ભારે અસંતોષ વ્યક્ત કરી, રાજ્ય સરકાર અને બોર્ડને ખુલાસા સાથેનું વિગતવાર સોગંદનામું નવેસરથી રજૂ કરવા આદેશ કર્યો છે. કેસની વધુ સુનાવણી બે સપ્તાહ બાદ મુકરર કરાઈ છે.

હાઈકોર્ટે અગાઉ જ સ્પષ્ટ કયું હતું કે, ગિરનાર પર્વતની જેમ જ આ ઈકો-સેન્સિટિવ ઝોન, ખાસ કરીને નળ સરોવર વિસ્તારમાં મુલાકાતીઓ માટે પ્લાસ્ટિક પર સંપૂર્ણ પ્રતિબંધ મૂકવામાં આવે. હાઈકોર્ટે પ્લાસ્ટિક પ્રદૂષણ અટકાવવા અને બોટિંગ વગેરે અંગે જરૂરી પ્લાનિંગ કરવા વન વિભાગ, સરદાર સરોવર નિગમ, મત્સ્ય વિભાગ સહિતના વિભાગોને સાથે રાખીને ઉચ્ચ સ્તરીય કમિટી બનાવવા અગાઉ રાજ્યના મુખ્ય સચિવને નિર્દેશ કર્યો હતો.

# રામ મંદિર : પારદર્શકતાની દિશામાં પહેલું પગલું

અયોધ્યામાં રામ મંદિરના દાન ચોરી મામલે પહેલીવાર શ્રી રામ જન્મભૂમિ તીર્થક્ષેત્ર ટ્રસ્ટ તરફથી રકમને લઈને સત્તાવાર નિવેદન સામે આવ્યું છે. ટ્રસ્ટના કોષાધ્યક્ષ ગોવિંદદેવ ગિરીએ સ્વીકાર્યું કે, 'મંદિરના દાનમાંથી લગભગ ૩ કરોડ રૂપિયાની ચોરી થઈ છે.' અત્યાર સુધી ચોરીની રકમને લઈને અલગ-અલગ અંદાજો લગાવવામાં આવી રહ્યો હતો. એસઆઈટીએ તેના પ્રારંભિક રિપોર્ટમાં ૮૦ લાખ રૂપિયા રિકવર કર્યા હોવાની વાત નોંધી હતી. ગોવિંદદેવે એ પણ સ્પષ્ટ કર્યું છે કે, '૧૪ કરોડનું સોનું, ચાંદી અને અન્ય કીમતી સામાન ચોરી થવાની વાતો તદ્દન ખોટી છે.પુણેના પ્રવાસે ગયેલા ગોવિંદદેવ ગિરીએ એક એજન્સી સાથે વાત કરતા પોતાના રાજીનામાના સમાચારને તદ્દન પાયાવિહોણા ગણાવ્યા અને કહ્યું કે મેં કોઈ રાજીનામું નથી આપ્યું. રાજીનામું આપવા અંગે ન તો મેં ક્યારેય કંઈ કહ્યું છે અને ન તો મારા મનમાં આવો કોઈ વિચાર છે. હું છત્રપતિ શિવાજી મહારાજનો અનુયાયી છું. મેદાન છોડીને ભાગનારો નથી.ગોવિંદદેવે કહ્યું કે ટ્રસ્ટના મહાસચિવ પદેથી ચંપત રાયે પોતાની સ્વેચ્છાએ રાજીનામું આપ્યું છે. તેમને બલિનો બકરો બનાવવામાં આવ્યા છે, તેવું કહેવું યોગ્ય નથી. તેમને આ વાતનો અહેસાસ ચોક્કસ છે કે થોડી બેદરકારી થઈ છે. આવી સ્થિતિમાં તેમણે પોતે જ રાજીનામું આપ્યું છે. તેમના પર કોઈ દબાણ નહોતું.તેમણે કહ્યું કે,એસઆઈટી તપાસથી હું સંપૂર્ણપણે સંતુષ્ટ છું. કોઈના પર કોઈ દબાણ કરવામાં આવી રહ્યું નથી અને તપાસને પ્રભાવિત કરવાનો પણ કોઈ પ્રયાસ થઈ રહ્યો નથી. રામલલા વિરુદ્ધ ગુનો આચરવામાં આવ્યો છે અને જેણે પણ આ કર્યું છે તેને સજા ચોક્કસ મળવી જ જોઈએ. આજે અમે પુણેમાં બેઠા છીએ, અહીં માત્ર એક રૂમનું ઘર અને રસોડું છે, જેની એક ઈંટ પણ મારા નામે નથી.શ્રી રામ મંદિર તીર્થક્ષેત્રની આગામી બેઠકમાં કેટલાક મોટા ફેરફારો કરવામાં આવે તેવી સંભાવના છે. નક્કી કરાયેલા એજન્ડા પ્રમાણે ૨૨ જુલાઈના રોજ બે ભાગમાં પ્રસ્તાવિત બેઠકમાં ટ્રસ્ટના સભ્યોની ખાલી પડેલી બેઠકો પર પસંદગી, એસઆઈટીનો રિપોર્ટ અને ટ્રસ્ટની પાંચેય સમિતિઓમાં ફેરફાર અંગે ચર્ચા થવાની છે. એવું માનવામાં આવી રહ્યું છે કે, ટ્રસ્ટે પોતાની પાંચેય સમિતિઓમાં પણ ફેરફાર કરવો પડશે, કારણ કે તેની સાથે જોડાયેલા સભ્યોના પદો ખાલી પડ્યા છે. આ કારણે નવા સભ્યોને તેની જવાબદારી સોંપવામાં આવી શકે છે.શ્રી રામ મંદિર તીર્થક્ષેત્ર ટ્રસ્ટના બાયલોઝમાં કામની વહેંચણીના દૃષ્ટિકોણથી પાંચ સમિતિઓની વ્યવસ્થા કરવામાં આવી છે. જેમાં નિર્માણ, નાણાં (ફાઈનાન્સ), ઓડિટ, ધાર્મિક અને મેનેજિંગ સમિતિઓ સામેલ છે. આ સમિતિઓની રચના ૧૧ નવેમ્બર ૨૦૨૦ના રોજ કરવામાં આવેલી ટ્રસ્ટ ડીડ અનુસાર કરવામાં આવી છે. આ સમિતિઓના ચેરમેનને એવો અધિકાર છે કે તેઓ જરૂરિયાત મુજબ સમિતિમાં ટ્રસ્ટ બહારની કોઈ પણ વ્યક્તિની વિષય નિષ્ણાત તરીકે નિમણૂક કરી શકે છે.નિર્માણ સમિતિના ચેરમેન નિવૃત્ત આઈએએસ અને ટ્રસ્ટના હોદ્દાની રૂએ સભ્ય નૃપેન્દ્ર મિશ્ર છે. તેમણે નિર્માણ સમિતિમાં ટ્રસ્ટના સભ્યો ઉપરાંત નિષ્ણાતોને પણ નામાંકિત કર્યા છે. આ કમિટીમાં તીર્થક્ષેત્રના પૂર્વ મહાસચિવ ચંપત રાય ઉપરાંત ટ્રસ્ટી ડૉ. અનિલ મિશ્ર અને અયોધ્યા નરેશ વિમલેન્દ્ર મોહન પ્રતાપ મિશ્ર પણ સામેલ હતા. ચંપત રાય અને અનિલ મિશ્ર રાજીનામું આપી ચૂક્યા છે, જ્યારે અયોધ્યા નરેશના અવસાનના કારણે સભ્યનું પદ ખાલી પડ્યું છે. આ કારણે પણ આગામી બેઠકમાં ફેરફારનો પ્રસ્તાવ રજૂ કરવામાં આવી શકે છે.અયોધ્યાના ભવ્ય રામ મંદિરમાં ભક્તો દ્વારા ચઢાવવામાં આવતા દાનની ચોરીના મામલે રોજ નવા અને ચોંકાવનારા ખુલાસા થઈ રહ્યા છે.

પોલીસ અને એસઆઈટીની સઘન પૂછપરછમાં સામે આવ્યું છે કે, આરોપીઓએ માત્ર ૪૦ દિવસમાં જ અંદાજે ૭૦ જેટલી વખત દાનની રકમ પર હાથ સાફ કર્યો હતો. આ સનસનીખેજ ખુલાસા બાદ રામ મંદિર ટ્રસ્ટે દાનની રકમની ગણતરીને લઈને અત્યંત કડક પગલાં લીધા છે અને આખી વ્યવસ્થા બદલી નાખી હોવાનું પણ સૂત્રો દ્વારા જાણવા મળ્યું છે.તપાસ દરમિયાન એ વાત સ્પષ્ટ થઈ છે કે, ચોરીની તમામ ઘટનાઓ બપોરે ૨ વાગ્યાથી રાત્રે ૯ વાગ્યા સુધી ચાલતી બીજી શિફ્ટ દરમિયાન જ આચરવામાં આવતી હતી. પ્રથમ શિફ્ટમાં આવી કોઈ ગેરરીતિ સામે આવી નથી. આથી, મંદિર વહીવટી તંત્ર દ્વારા હવે સાંજની શિફ્ટને બંધ કરીને માત્ર સવારે ૯ થી સાંજના ૬ વાગ્યા સુધીની સિંગલ શિફ્ટમાં જ દાન ગણવાની મંજૂરી આપવામાં આવી છે. અગાઉ જે ગણતરી બે અલગ-અલગ શિફ્ટમાં થતી હતી, તેને હવે સુરક્ષાના કારણોસર માત્ર એક જ શિફ્ટમાં મર્યાદિત કરી દેવામાં આવી છે. જેથી દાનની રમકમાં થતી હેરફેરનો રોકી શકાશે.

પોલીસ અને એસઆઈટી દ્વારા કરાયેલી પૂછપરછમાં આરોપીઓ અવિનાશ શુક્લા, અનુકલ્પ મિશ્રા, લવકુશ મિશ્રા અને કરુણેશ પાંડે પાસેથી ઘણી મહત્વની કડીઓ મળી છે. પોલીસે જણાવ્યું કે, આ આખા કૌભાંડમાં સૌથી સક્રિય ભૂમિકા અવિનાશ શુક્લાની રહી છે. કારણ કે, અવિનાશ શુક્લાએ એકલા હાથે જ ૫૦ થી વધુ વખત દાનમાંથી પૈસા સેરવી લીધા હોવાની કબૂલાત કરી છે.આ આરોપીઓ એટલા બેફામ બન્યા હતા કે ૪૦ દિવસની અંદર એવા ૫ દિવસો હતા, જ્યારે તેઓએ એક જ દિવસમાં ત્રણ-ત્રણ વખત દાનમાંથી રકમ ચોરી કરી હતી. આ સિવાય ઘણા દિવસોમાં બે-બે વાર ચોરી કરવાનો પ્રયાસ થયો હતો. તપાસ એજન્સીઓના રિપોર્ટ પ્રમાણે અવિનાશ શુક્લા અને અનુકલ્પ મિશ્રા આ ચોરીના નેટવર્કમાં એકબીજાને પૂરો સાથ-સહકાર આપતા હતા. પોલીસ હજી પણ અન્ય પાસાઓની તપાસ ચલાવી રહી છે.અયોધ્યા રામ મંદિરના દાનની ચોરીના વિવાદ વચ્ચે રામ મંદિરનો વહીવટ કરી રહેલા શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટે ચંપત રાય અને અનિલ મિશ્રાનું રાજીનામું સ્વીકારી લેવાયું અને ચંપત રાયના સ્થાને કૃષ્ણ મોહનને નવા મહાસચિવ બનાવી દીધા. ચંપત રાય અને અનિલ મિશ્રાએ અઠવાડિયા પહેલાં જ રાજીનામાં ધરી દીધેલાં પણ ટ્રસ્ટના બંધારણની છટકબારીનો લાભ લઈને બંને હોદ્દા પર ચીટકી રહેશે એવી આશંકા વ્યક્ત કરાતી હતી. સદનસીબે એવું કશું થયું નહીં ને ટ્રસ્ટના બંધારણ પ્રમાણે જ રાય ને મિશ્રાનાં રાજીનામાં સ્વીકારીને બંનેને રવાના કરી દેવાયા. ચંપત રાયના સ્થાને આવેલા કૃષ્ણ મોહન ઈન્ડિયન ફોરેસ્ટ સર્વિસના ભૂતપૂર્વ અધિકારી છે અને અત્યારે ટ્રસ્ટી છે જ. કૃષ્ણ મોહનને વચગાળાની વ્યવસ્થાના ભાગરૂપે મહાસચિવ બનાવાયા છે જ પણ તેમણે શરૂઆતમાં જ બતાવેલા અભિગમને જોતાં રામ મંદિરનો વહીવટ પાટે ચડે એવી આશા જાગી છે.કૃષ્ણ મોહને સૌથી પહેલું પ્રશંસનીય કામ રામ મંદિરને મળેલી સોના-ચાંદી સહિતની ચીજોનો હિસાબ લોકો સામે મૂકીને કર્યું છે. રામ જન્મભૂમિ ચળવળના કાર્યકર સંતોષ દુબેએ આક્ષેપ કરેલો કે, રામ મંદિરમાંથી લગભગ ૧,૨૫૦ કિલો સોનું, મોટા પ્રમાણમાં ચાંદી, હીરાજડિત અને અષ્ટધાતુ ઇંટો ગુમ થઈ ગઈ છે. ફેબ્રુઆરી ૨૦૨૧ થી જુલાઈ ૨૦૨૨ સુધી રામ મંદિરના એકાઉન્ટ ઓફિસર રહેલા રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના સ્વયંસેવક મહિપાલસિંહે પણ કહેલું કે, રામ મંદિરમાં દાનમાં આવતા સોના-ચાંદીનો કોઈ લેખિત રેકોર્ડ રાખવામાં આવતો નથી. સોના-ચાંદી સહિતના ધાતુના દાનના ફોટો લઈને આ ચીજો ચંપત રાયને મોકલી દેવાતી હતી. ટિન્નુ આવીને બધું લઈ જતો પછી બધું ક્યાં જતું તેની કોઈને ખબર નથી. શિવસેનાના ઉદ્ધવ ઠાકરે રામ મંદિરમાં ગયા ત્યારે ચાર કિલો ચાંદીની ઈંટો ભગવાનનાં ચરણોમાં સમર્પિત કરી હતી. આ ચાંદી પણ મળતી નથી એવા આક્ષેપો થયા હતા.બીજા પણ આક્ષેપો થયેલા અને તેના કારણે એવી શંકા ઊભી થયેલી કે, ચોરો રૂપિયા તો ઠામી જ ગયા પણ ભગવાનને દાનમાં મળેલી ચીજોને પણ છોડી નથી. ભગવાનના ધામમાં પણ ધાપ મારીને બધું સગેવગે કરી નાંખ્યું છે.

રામ મંદિર ટ્રસ્ટે આ આશંકાઓને નિર્મૂળ કરવા માટે દાનમાં મળેલી ચીજોનું રજિસ્ટર જાહેરમાં મૂકી દીધું. એટલું જ નહીં પણ જે પાંચ ખાસ ચીજો ચોરાઈ ગઈ હતી તેને પણ લોકો સામે મૂકી દીધી. ટ્રસ્ટના ખજાનચી ગોવિંદદેવ ગિરિએ સાફ શબ્દોમાં કહ્યું છે કે, અમારી પાસે આવી ૨૮૦૦ વસ્તુઓની યાદી ધરાવતું રજિસ્ટર છે અને બધી ચીજો સુરક્ષિત પણ છે તેથી ચિંતા કરવાની જરૂર નથી. અત્યારે અમે પાંચ ખાસ વસ્તુઓ ફક્ત નમૂના તરીકે બતાવવા માટે લાવ્યા છીએ પણ જરૂર પડશે તો બધી ચીજો રજૂ કરવાની પણ અમારી તૈયારી છે.રામ મંદિર ટ્રસ્ટનું આ વલણ એકદમ યોગ્ય છે કેમ કે ધર્મસ્થાનનો વહીવટ પારદર્શક અને શંકાથી પર હોવો જ જોઈએ. ચંપત રાય આણી મંડળીએ કુલડીમાં ગોળ ભાંગીને ગોરખધંધા કર્યા અને બધું છુપાવી છુપાવીને કર્યું તેમાં ભગવાન રામના ધામ સાથે એક કલંકિત પ્રકરણ જોડાઈ ગયું. ચોરોના અધર્મના કારણે ધર્મનું ધામ કલંકિત થાય એ શરમજનક કહેવાય પણ જે થયું તેને ભૂંસી શકવાના નથી તેથી જાગ્યા ત્યારે સવાર કરવી પડે. રામ મંદિર ટ્રસ્ટ જાગ્યા ત્યારથી સવાર કરીને હવે પછી પારદર્શકતા રાખે અને કશું છુપાવે નહીં તો કોઈ અધર્મ નહીં થાય.રામ મંદિર ટ્રસ્ટે એ દાનમાં મળેલી ચીજો તથા રજિસ્ટરનું જાહેરમાં પ્રદર્શન કરીને એ દિશામાં પહેલું કદમ ઉઠાવ્યું છે. હવે પછી દાનમાં મળેલી રોકડની ગણતરી કરવાનું કામ પણ ચોરીછૂપીથી કરવાના બદલે સૌને દેખાય એ રીતે થાય તો તેમાં પણ કોઈ ઘાલમેલ નહીં થાય. અત્યારે રોકડની ગણતરી કરવાનું કામ ખાનગી એજન્સી પાસે છે. તેના બદલે મંદિર શ્રદ્ધાળુઓને માનદ વેતન ચૂકવીને તેમની પાસે પણ આ કામ કરાવી શકાય. ઉજ્જૈનના મહાકાલ મંદિરમાં રોકડમાં કોઈ દાન જ સ્વીકારાતું નથી અને માત્ર ઓનલાઈન જ દાન સ્વીકારાય છે. જે પણ રકમ આવે એ સીધી મંદિરના ખાતામાં જમા થાય તેથી રોકડની ચોરીનો ખતરો જ નહીં. અત્યારે મોટા ભાગનાં લોકો પે-એપ વાપરે છે ને સ્કેન કરીને પેમેન્ટ કરે છે તેથી આ સિસ્ટમ બહુ અસરકારક છે.

બીજાં મંદિરોમાં પણ આ પ્રકરની સિસ્ટમ હશે જ ને રામ મંદિરમાં પણ આવી જ સિસ્ટમ ગોઠવી શકાય કે જેથી ચોરીનો ખતરો જ ના રહે. આ તો એક વિકલ્પ છે પણ બીજી કોઈ એવી સિસ્ટમ પણ ગોઠવી શકાય કે જેના કારણે કોઈ પણ પ્રકારના આક્ષેપો જ ના થાય.રામ મંદિરમાં ચોરીની વાતો બહાર આવી પછી એવા બચાવ થયા કે, આ મંદિરને બદનામ કરવાનું કાવતરું છે ને ઉપજાવી કાઢેલા આક્ષેપો થાય છે. રામ મંદિરના ટ્રસ્ટીઓએ અત્યારે પણ એ જ વાતો કરી છે. ગોવિંદદેવ ગિરિએ પોતે કહ્યું કે, જૂઠાણાનો પ્રપંચ ઊભો કરવામાં આવી રહ્યો છે. ઉત્તર પ્રદેશ સરકારે બનાવેલી સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમ (એસઆઈટી) તપાસ કરી જ રહી છે તેથી કાવતરું છે કે નહીં તેની ખબર પડી જશે પણ રામ મંદિરના ટ્રસ્ટીઓએ હવે જૂઠાણાંના પ્રપંચ સહિતની વાતોથી દૂર રહેવું જોઈએ કેમ કે રામ મંદિરમાં ચોરી થઈ છે એ હકીકત છે. આક્ષેપો થઈ રહ્યા છે કેમ કે રામ મંદિર સાથે સંકળાયેલા લોકો ચોરીના આરોપી છે અને જેમની જવાબદારી આ ચોરી રોકવાની હતી એ લોકોએ કશું ના કર્યું.રામ મંદિરના ટ્રસ્ટીઓએ ચંપત રાયને પ્રમાણિકતાનાં સર્ટિફિકેટ આપવાનું પણ બંધ કરવું જોઈએ. ચંપત રાય કે તેમના મળતિયા ચોરીમાં સામેલ છે કે નહીં તેની તપાસ એસઆઈટી કરી જ રહી છે. આ તપાસમાં કોણે શું ભૂમિકા ભજવી એ બહાર આવવાનું જ છે. આ રિપોર્ટ બહાર આવે એ પહેલાં ચંપત રાયની પ્રમાણિકતા શંકાથી પર હોવાની વાતો કરીને ટ્રસ્ટીઓ એવી છાપ પાડી રહ્યા છે કે, તેમને ચંપત રાય સહિતનાં લોકોને છાવરવામાં રસ છે. તમે પોતે એવું કહો છો કે, કાયદો કાયદાનું કામ કરશે ત્યારે કાયદાને કાયદાનું કામ કરવા દો ને? તમે શું કરવા કાજી બની રહ્યા છો?આ ટ્રસ્ટીઓની સરખામણીમાં રામ મંદિર ટ્રસ્ટના નવા મહાસચિવ કૃષ્ણમોહને અત્યંત સમજદારીભર્યું વલણ બતાવીને કહ્યું છે કે, રામ મંદિરના મેનેજમેન્ટ અને સંચાલનમાં ખામીઓ રહી ગઈ હતી અને હવે આ ખામીઓ દૂર કરવાની છે. ચોરીની ઘટનાના કારણે સમાજમાં બનેલા માહોલના કારણે આપણા ટ્રસ્ટની છબી ખરાબ થઈ છે અને આપણે બધા ટ્રસ્ટીઓ આ ખરાબ છબીને સુધારવાનો પ્રયાસ કરવાનો છે. કૃષ્ણ મોહને ટ્રસ્ટની ભૂલ સ્વીકારી જ નથી પણ તેમાં સુધારાની જરૂર હોવાનું પણ સ્વીકાર્યું છે. તેના કરતાં મોટી વાત એ છે કે, ટ્રસ્ટની ઈમેજ ખરાબ થઈ ગઈ હોવાનું પણ તેમણે નિખાલસતાથી સ્વીકાર્યું છે. આ અભિગમ બધાંએ અપનાવવો જોઈએ ને ટ્રસ્ટની ઈમેજ સુધારવા માટે મચી પડવું જોઈએ.

# ડિગ્રી કરતાં સ્કિલને પ્રાધાન્ય: 'Skills for a Shared Future' ના મંત્ર સાથે ગુજરાતના યુવાનો બનશે વૈશ્વિક સ્તરે સક્ષમ

આજના ઝડપથી બદલાતા ડિજિટલ અને ટેક્નોલોજિકલ યુગમાં કોઈપણ દેશની સાચી મૂડી અને શક્તિ તેનું યુવાધન છે. પરંતુ આ યુવાધન ત્યારે જ રાષ્ટ્રના વિકાસની મુખ્ય ધારામાં સક્રિય ભાગીદાર બની શકે, જ્યારે તે આધુનિક સમયની જરૂરિયાતો મુજબના ઉચ્ચ અને વ્યવહારુ કૌશલ્યોથી સજ્જ હોય. આ વૈશ્વિક આવશ્યકતાને ગંભીરતાથી ધ્યાનમાં રાખીને સંયુક્ત રાષ્ટ્ર (UN) દ્વારા દર વર્ષે ૧૫ જુલાઈના રોજ વૈશ્વિક સ્તરે 'વિશ્વ યુવા કૌશલ્ય દિવસ' (World Youth Skills Day) ઉજવવામાં આવે છે.

યુવા બેરોજગારીના વૈશ્વિક સંકટને નાથવા અને યુવાનોને સન્માનજનક આજીવિકા તરફ વાળવા માટે ડિસેમ્બર ૨૦૧૪માં સંયુક્ત રાષ્ટ્ર મહાસભા દ્વારા એક ઐતિહાસિક પ્રસ્તાવ પસાર કરીને ૧૫ જુલાઈ ૨૦૧૫ના રોજ પ્રથમ વખત આ દિવસની ઉજવણી કરવામાં આવી હતી.

વર્ષ ૨૦૨૬માં આ ખાસ દિવસની ઉજવણી "Skills for a Shared Future" (સહિયારા ભવિષ્ય માટેના કૌશલ્યો) ની વિશેષ થીમ હેઠળ કરવામાં આવી રહી છે, જે બદલાતા ઔદ્યોગિક, ટેક્નોલોજિકલ અને સામાજિક વાતાવરણમાં યુવાનોની આંતરિક સક્ષમતા વધારવા પર વિશેષ ભાર મૂકે છે. આ ઉજવણીનો મુખ્ય આશય માત્ર પરંપરાગત શૈક્ષણિક ડિગ્રીઓ આપવા પૂરતો મર્યાદિત નથી, પરંતુ યુવાનોને એવા વ્યવહારુ, ટેકનિકલ અને વ્યાવસાયિક કૌશલ્યો પૂરા પાડવાનો છે જેનાથી તેઓ ગરિમાપૂર્ણ રોજગારી, યોગ્ય વેતન અને સફળ ઉદ્યોગસાહસિક બનવાની ક્ષમતા મેળવી શકે.

વર્તમાન વૈશ્વિક આર્થિક ચિત્ર તરફ નજર કરીએ તો ઈન્ટરનેશનલ લેબર ઓર્ગેનાઈઝેશન (ILO)ના તાજેતરના અહેવાલો મુજબ વૈશ્વિક યુવા બેરોજગારીનો દર ઘટીને ૧૩% થયો છે, જે છેલ્લા ૧૫ વર્ષમાં સૌથી નીચો આંકડો છે, જે એક હકારાત્મક સંકેત છે. જોકે આ સુધારો સમગ્ર વિશ્વમાં એકસરખો કે સમાન નથી. વૈશ્વિક સ્તરે આજે પણ દર પાંચમાંથી એક યુવાન 'NEET' (Not in Education, Employment, or Training) એટલે કે શિક્ષણ, રોજગાર કે કોઈ ચોક્કસ તાલીમ સાથે જોડાયેલો નથી, જેમાં સૌથી ચિંતાજનક બાબત એ છે કે યુવતીઓનું પ્રમાણ યુવકો કરતાં બમણાથી પણ વધુ છે. આ ઉપરાંત, કામ કરતા કુલ યુવાનોમાંથી અડધાથી વધુ યુવાધન આજે પણ અસંગઠિત ક્ષેત્રોમાં કોઈપણ પ્રકારની સામાજિક કે આર્થિક સુરક્ષા વિના કામ કરી રહ્યું છે.

આજના આધુનિક યુગમાં આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ (AI), મશીન લર્નિંગ, રોબોટિક્સ અને ઓટોમેશનના પ્રચંડ પ્રભાવના કારણે પરંપરાગત અને રૂટિન કામો હવે મશીનો અને સોફ્ટવેર દ્વારા થઈ રહ્યા છે. પરિણામે, જોબ માર્કેટમાં માત્ર સામાન્ય ડિગ્રીધારકોને બદલે ડેટા એનાલિટિક્સ, ક્લાઉડ કમ્પ્યુટિંગ, સાયબર સિક્યોરિટી, ડિજિટલ માર્કેટિંગ અને ગ્રીન ટેકનોલોજી જેવા હાઈ-ટેક કૌશલ્યો તેમજ લીડરશિપ, પ્રોબ્લેમ સોલ્વિંગ, ક્રિએટિવ થિંકિંગ અને ઈફેક્ટિવ કમ્યુનિકેશન જેવા સોફ્ટ સ્કિલ્સ ધરાવતા યુવાનોની માંગ અને અનિવાર્યતા અભૂતપૂર્વ રીતે વધી ગઈ છે.

**★વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું વિઝન: 'સ્કિલ ઈન્ડિયા મિશન' અને 'નવી શિક્ષણ નીતિ (NEP)'★**

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના દુરંદેશી નેતૃત્વ અને સક્ષમ માર્ગદર્શન હેઠળ ભારત સરકારે દેશના કરોડો યુવાનોને વૈશ્વિક સ્તરે હરીફાઈ કરવા સક્ષમ બનાવવા માટે અનેક દૂરગામી અને ક્રાંતિકારી યોજનાઓ સફળતાપૂર્વક અમલમાં મૂકી છે. વડાપ્રધાનશ્રીના 'કુશળ ભારત, સમૃદ્ધ ભારત'ના સંકલ્પને સાકાર કરવા માટે વર્ષ ૨૦૧૫માં દેશમાં વિધિવત રીતે 'સ્કિલ ઈન્ડિયા મિશન' ની શરૂઆત કરવામાં આવી હતી, જેનો મુખ્ય ઉદ્દેશ્ય યુવાનોને ઉદ્યોગોની બદલાતી જરૂરિયાતો મુજબ ગુણવત્તાયુક્ત તાલીમ આપવાનો છે. આ મિશન અંતર્ગત કાર્યરત 'પ્રધાનમંત્રી કૌશલ વિકાસ યોજના' (PMKVY) દ્વારા દેશભરના લાખો યુવાનોને ન્યૂ-એજ ટેક્નોલોજી સહિતના અત્યાધુનિક ક્ષેત્રોમાં તદ્દન મફત કૌશલ્ય વર્ધક તાલીમ અને આંતરરાષ્ટ્રીય સ્તરે માન્યતા પ્રાપ્ત સર્ટિફિકેશન આપવામાં આવે છે, જેથી ભારતીય યુવાનો વિદેશોમાં પણ રોજગારી મેળવી શકે.

શિક્ષણ પ્રણાલીમાં પાયાનો અને સકારાત્મક સુધારો લાવવા માટે વડાપ્રધાનશ્રીના માર્ગદર્શન હેઠળ દેશમાં 'નવી શિક્ષણ નીતિ' (NEP) લાગુ કરવામાં આવી છે, જે અંતર્ગત હવે માત્ર ગોખણપટ્ટી આધારિત શિક્ષણના બદલે શાળાકીય સ્તરથી જ એટલે કે ધોરણ-૬ થી જ વિદ્યાર્થીઓ માટે વ્યાવસાયિક શિક્ષણ અને સ્કિલ ડેવલપમેન્ટને નિયમિત અભ્યાસક્રમનો એક અનિવાર્ય ભાગ બનાવવામાં આવ્યો છે.

**'MY Bharat' પોર્ટલ: દેશના યુવાનો માટે વન-સ્ટોપ ડિજિટલ ઈકોસિસ્ટમ**

દેશના યુવાનોના ડિજિટલ સશક્તિકરણ અને એકીકરણ માટે 'MY Bharat' (માય ભારત - મેકિંગ ઓફ યુવા ભારત) પોર્ટલ લોન્ચ કરાયું છે. આ પ્લેટફોર્મ એક સર્વગ્રાહી સિંગલ-વિન્ડો ડિજિટલ ઈકોસિસ્ટમ તરીકે કામ કરીને દેશના લાખો યુવાનોને રોજગારીની તકો, કૌશલ્ય વિકાસના અદ્યતન કાર્યક્રમો, સરકારી કલ્યાણકારી યોજનાઓ અને રાષ્ટ્ર નિર્માણની વિવિધ સ્વૈચ્છિક પ્રવૃત્તિઓ સાથે સીધા જોડવાનું ભગીરથ કાર્ય કરી રહ્યું છે. વડાપ્રધાનશ્રી હંમેશાં માને છે કે, ભારતની ડેમોગ્રાફિક ડિવિડન્ડ એવી યુવા વસ્તીની બહુલતાને જો યોગ્ય કૌશલ્યનું પીઠબળ મળે, તો ભારત આગામી સમયમાં સમગ્ર વિશ્વની 'સ્કિલ કેપિટલ' એટલે કે, કૌશલ્યની રાજધાની બની શકે છે.

**મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં ITI નું અપગ્રેડેશન અને 'મુખ્યમંત્રી એપ્રેન્ટિસશિપ યોજના'**

કેન્દ્ર સરકારની આ મજબૂત નીતિઓને પૂરક બનીને અને વડાપ્રધાનશ્રીના વિઝનને રાજ્ય સ્તરે સાકાર કરવા માટે ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળ રાજ્ય સરકારે ગુજરાતના યુવાનોને સ્થાનિક તેમજ વૈશ્વિક ઉદ્યોગોની જરૂરિયાતો અનુસાર સજ્જ કરવા માટે એક અત્યંત મજબૂત અને પ્રેરણાદાયી મોડેલ વિકસાવ્યું છે. મુખ્યમંત્રીશ્રીના માર્ગદર્શન હેઠળ રાજ્ય સરકારે ટેકનિકલ અને વ્યવસાયિક શિક્ષણ (TVET)ના માળખાને વધુ આધુનિક અને સુદ્રઢ બનાવ્યું છે. આ અંતર્ગત રાજ્યની તમામ સરકારી ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ (ITI) ને કોર્પોરેટ સેક્ટર અને અગ્રણી ઉદ્યોગોના સહયોગથી હાઈ-ટેક કૌશલ્ય કેન્દ્રો તરીકે અપગ્રેડ કરવામાં આવી છે. અહીં ડ્રોપ-આઉટ થયેલા, ગ્રામીણ અને આર્થિક રીતે નબળા વર્ગના યુવાનોને ટૂંકા ગાળાના, પરિણામલક્ષી અને ઉચ્ચ વેતન આપતા રોજગારલક્ષી કોર્સ કરાવવામાં આવે છે.

**સ્ટાર્ટઅપ પોલિસી (SSIP) દ્વારા યુવાનોનું આર્થિક સશક્તિકરણ**

યુવાનોને માત્ર સૈદ્ધાંતિક જ્ઞાન ન મળે પરંતુ અભ્યાસની સાથે પ્રત્યક્ષ ઉદ્યોગોમાં કામ કરવાનો વાસ્તવિક અનુભવ મળી રહે તે માટે રાજ્યમાં 'મુખ્યમંત્રી એપ્રેન્ટિસશિપ યોજના' ખૂબ જ સફળતાપૂર્વક અને વ્યાપક સ્તરે ચલાવવામાં આવી રહી છે. આ યોજના હેઠળ યુવાનોને દેશના અગ્રણી અને પ્રતિષ્ઠિત ઔદ્યોગિક એકમોમાં ઑન-ધ-જોબ ટ્રેનિંગ આપવાની સાથે સાથે તેઓ આર્થિક રીતે પગભર થઈ શકે તે માટે સરકાર તરફથી ઉદાર નાણાકીય સ્ટાઈપેન્ડ સબસિડી પણ સીધી તેમના બેંક ખાતામાં પૂરી પાડવામાં આવે છે.

ગુજરાતના યુવાનો માત્ર નોકરી શોધનારા (Job Seekers) બનવાના બદલે અન્ય અનેક લોકોને રોજગારી પૂરી પાડનારા સફળ 'ઉદ્યોગસાહસિકો' (Job Creators) બને તે માટે રાજ્ય સરકારે 'સ્ટાર્ટઅપ અને ઈનોવેશન પોલિસી' (SSIP) ને વધુ વ્યાપક બનાવી છે. આ વિશિષ્ટ નીતિ અંતર્ગત યુનિવર્સિટીઓ અને કોલેજોના વિદ્યાર્થીઓના નવીન વિચારો અને પ્રોટોટાઈપ ડેવલપમેન્ટ માટે મોટી આર્થિક સહાય, કાનૂની માર્ગદર્શન અને પેટન્ટ ફાઈલિંગ તેમજ ઈક્યુબેશન સપોર્ટ પૂરો પાડવામાં આવે છે, જેના કારણે આજે ગુજરાત સ્ટાર્ટઅપ રેંકિંગમાં દેશમાં સતત મોખરાનું સ્થાન જાળવી રહ્યું છે. વળી, ગ્રામીણ અને અંતરિયાળ વિસ્તારોમાં વસતા યુવાનો સુધી ડિજિટલ ક્રાંતિના લાભો પહોંચાડવા અને ડિજિટલ અસમાનતા દૂર કરવા માટે રાજ્ય સરકાર દ્વારા વિશેષ ડિજિટલ સાક્ષરતા અભિયાનો અને કૌશલ્ય વર્ધક કેન્દ્રો (KVK) કાર્યરત કરવામાં આવ્યા છે.

**ભવિષ્યની નવી ક્ષિતિજો: વર્ષ ૨૦૩૦ સુધીમાં લાખો 'ગ્રીન જોબ્સ' ના સર્જનની સંભાવનાઓ**

આગામી સમયમાં વૈશ્વિક સ્તરે રોજગારીના સમીકરણો સંપૂર્ણ બદલાવા જઈ રહ્યા છે. પર્યાવરણીય સંતુલન અને જળવાયુ પરિવર્તનના પડકારો સામે લડવા માટે થઈ રહેલા રોકાણો એટલે કે ગ્રીન સેક્ટર, જેમાં સૌર ઊર્જા, પવન ઊર્જા, ગ્રીન હાઈડ્રોજન, ઈલેક્ટ્રિક વ્હીકલ્સ અને દરિયાઈ સંસાધનોના ટકાઉ અને પર્યાવરણને અનુકૂળ વિકાસ એટલે કે બ્લુ ઈકોનોમીના કારણે વર્ષ ૨૦૩૦ સુધીમાં વૈશ્વિક સ્તરે યુવાનો માટે અંદાજે ૮૪ લાખથી વધુ નવી ગ્રીન નોકરીઓ ઊભી થવાની વિપુલ સંભાવનાઓ રહેલી છે. ભારત અને ગુજરાત સરકાર આ ક્ષેત્રોમાં રોજગાર સર્જન અને અદ્યતન તાલીમ માટે વિશેષ નીતિઓ અને ઈકોસિસ્ટમ બનાવી રહી છે. આ આખી પ્રક્રિયામાં યુવાનોનું આર્થિક કે માનસિક શોષણ ન થાય તે માટે તેમને સમાન કામ માટે સમાન વેતન, કાર્યસ્થળે શોષણ સામે કડક રક્ષણ, યોગ્ય ભથ્થા અને વ્યાપક સામાજિક સુરક્ષા મળે તે પણ કાયદાકીય માળખા દ્વારા સુનિશ્ચિત કરવામાં આવી રહ્યું છે.

આમ, વિશ્વ યુવા કૌશલ્ય દિવસ એ બાબત પર સચોટ ભાર મૂકે છે કે, યુવાનોનો કૌશલ્ય વિકાસ એ કોઈ એક યોજના કે સરકારી વિભાગ પૂરતો મર્યાદિત વિષય નથી, પરંતુ તે સરકાર, શૈક્ષણિક સંસ્થાઓ, અગ્રણી ઉદ્યોગજગતો અને નાગરિક સમાજની સામૂહિક જવાબદારી છે. જ્યારે આ તમામ સ્તરેથી સંયુક્ત, સુમેળભર્યા અને પ્રામાણિક પ્રયાસો સતત હાથ ધરાશે, ત્યારે જ દેશમાંથી બેરોજગારીનું સંપૂર્ણ નિર્મૂલન શક્ય બનશે અને ભારત સાચા અર્થમાં વડાપ્રધાનશ્રીના સપનાનું 'આત્મનિર્ભર' અને 'વિકસિત ભારત @ 2047' બની શકશે. આ ભગીરથ રાષ્ટ્રયજ્ઞમાં આજના યુવાધનનો એક જ સ્પષ્ટ મંત્ર હોવો જોઈએ: "સતત શીખતા રહો, બદલાતા સમય સાથે પોતાની જાતને સતત અપગ્રેડ અને અપસ્કિલ કરતા રહો અને દેશના સમૃદ્ધ તથા સહિયારા ભવિષ્યના અડીખમ ઘડવૈયા બનો."

# અંકલેશ્વરમાં નવું જનસેવા કેન્દ્ર શરૂ:ધારાસભ્ય રમેશ મિસ્ત્રી અને કલેક્ટર ડૉ. ગવ્હાણેએ ઉદ્ઘાટન કર્યું






અંકલેશ્વર મામલતદાર કચેરી પરિસરમાં નવનિર્મિત અત્યાધુનિક જનસેવા કેન્દ્રનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું છે. ભરૂચના ધારાસભ્ય રમેશ મિસ્ત્રી અને જિલ્લા કલેક્ટર ડૉ. નવનાથ ગવ્હાણેના હસ્તે આ કેન્દ્રનું લોકાર્પણ કરાયું હતું.

આ નવું જનસેવા કેન્દ્ર અંકલેશ્વર અને આસપાસના ગ્રામ્ય તેમજ શહેરી વિસ્તારના નાગરિકો માટે લાભદાયી સાબિત થશે. અહીં વિવિધ પ્રકારના પ્રમાણપત્રો અને દાખલાઓ મેળવવાની પ્રક્રિયા વધુ ઝડપી બનશે. નાગરિકોની સુવિધા માટે આ કેન્દ્રમાં બેઠક વ્યવસ્થા, ડિજિટલ ટોકન સિસ્ટમ અને હેલ્પડેસ્ક જેવી આધુનિક સુવિધાઓ ઉપલબ્ધ કરાવાઈ છે. આનાથી અરજદારોનો સમય બચશે અને વહીવટમાં પારદર્શિતા વધશે.

આ નવીન જનસેવા કેન્દ્ર ખાતેથી આવકના દાખલા, જાતિના પ્રમાણપત્રો, નોન-ક્રીમીલેયર સર્ટિફિકેટ અને રેશનકાર્ડને લગતી કામગીરી સહિતની સેવાઓ ડિજિટલ માધ્યમથી એક જ સ્થળે પૂરી પાડવામાં આવશે. આ ઉદ્ઘાટન પ્રસંગે પ્રાંત અધિકારી ભવદીપસિંહ જાડેજા, અંકલેશ્વર મામલતદાર રાજન વસાવા સહિતના અધિકારીઓ અને કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# જિલ્લા પ્રાયોજના વહીવટદાર એમ. એન. ડોડિયાએ નેત્રંગની પી.એમ.શ્રી શ્રી કૃષ્ણ આશ્રમ શાળાની આકસ્મિક મુલાકાત લીધી





ભરૂચ જિલ્લાના નેત્રંગ તાલુકાના થવા ખાતે કાર્યરત પી.એમ.શ્રી શ્રી કૃષ્ણ આશ્રમ શાળાની જિલ્લા પ્રાયોજના વહીવટદાર એમ. એન. ડોડિયા દ્વારા આકસ્મિક મુલાકાત લેવામાં આવી હતી. આ મુલાકાત દરમિયાન તેમણે શાળામાં ચાલતા શૈક્ષણિક, વહીવટી તેમજ ભૌતિક વિકાસના કાર્યોની વિસ્તૃત સમીક્ષા કરી ઝીણવટભર્યું નિરીક્ષણ કર્યું હતું. પ્રાયોજના વહીવટદારશ્રીએ મુલાકાત વેળાએ શાળાના સ્માર્ટ ક્લાસરૂમ, અદ્યતન વિજ્ઞાન પ્રયોગશાળા, પુસ્તકાલય, કોમ્પ્યુટર લેબ અને રમતગમતની સુવિધાઓ સહિત વિદ્યાર્થીઓ માટે ઉપલબ્ધ વિવિધ શૈક્ષણિક સવલતોનું પ્રત્યક્ષ નિરીક્ષણ કર્યું હતું. આ ઉપરાંત, તેમણે શાળાના આચાર્ય, શિક્ષકમંડળ અને સ્ટાફ સાથે સંવાદ સાધીને વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે સંસ્થા દ્વારા ચલાવવામાં આવતી શૈક્ષણિક અને સહ-શૈક્ષણિક પ્રવૃત્તિઓની વિસ્તૃત માહિતી મેળવી હતી.

મુલાકાતના અંતે મુલાકાત પુસ્તકમાં પોતાના સુખદ અનુભવો નોંધતા શ્રી એમ. એન. ડોડિયાએ જણાવ્યું હતું કે, આ આશ્રમ શાળાની મુલાકાત ખૂબ જ પ્રેરણાદાયી રહી છે. શાળાનું સુચારૂ સંચાલન, શિક્ષકોની ફરજ પ્રત્યેની નિષ્ઠા, વિદ્યાર્થીઓમાં જોવા મળતી શિસ્ત અને ગુણવત્તાયુક્ત શિક્ષણ પ્રશંસનીય છે. આ સાથે જ વિદ્યાર્થીઓમાં મૂલ્યશિક્ષણ, વિજ્ઞાન આધારિત અભિગમ, સ્વચ્છતા અને સર્જનાત્મકતાના વિકાસ માટે શાળા પરિવાર દ્વારા કરવામાં આવતા પ્રયાસો ખરેખર સરાહનીય છે. તેમણે આચાર્ય સહિત સમગ્ર સ્ટાફની ટીમવર્ક અને પ્રતિબદ્ધતાને બિરદાવી અભિનંદન પાઠવ્યા હતા.

આ મુલાકાત દરમિયાન પ્રાયોજના વહીવટદારએ શાળાના આચાર્ય રંજનબેન વસાવા સાથે શાળાની વર્તમાન જરૂરિયાતો અને ભવિષ્યના આયોજન અંગે વિગતવાર પરામર્શ કર્યો હતો. તેમણે આદિવાસી વિસ્તારના વિદ્યાર્થીઓના ઉત્કર્ષ અને સર્વાંગી વિકાસ માટે જરૂરી સુવિધાઓ ઉપલબ્ધ કરાવવા તથા શાળાની ખૂટતી જરૂરિયાતોને વહેલામાં વહેલી તકે પૂર્ણ કરવા માટે વહીવટી સ્તરેથી તમામ જરૂરી સહયોગ આપવાની હકારાત્મક ખાતરી આપી હતી. ઉચ્ચ અધિકારીની આ પ્રેરક મુલાકાતથી શાળાના વિદ્યાર્થીઓ અને શિક્ષકોમાં એક નવી ઊર્જા અને ઉત્સાહનો સંચાર થયો હતો.

# બમરોલીની કંપનીમાંથી સબસિડીયુક્ત નીમ કોટેડ યુરિયા ઝડપાયું

ઉધના-બમરોલી રોડ પર જીત ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટમાં આવેલી 'આર એન ઈન્ટરનેશનલ કંપનીમાં ખેડૂતો માટે સરકાર દ્વારા સબસિડી પર આપવામાં આવતા નીમ કોટેડ યુરિયાનો ઔદ્યોગિક હેતુ માટે ગેરકાયદે ઉપયોગ થતો હોવાનો પર્દાફાશ કૃષિ વિભાગની સંયુક્ત સ્કોડે કર્યો છે. કાર્યવાહી દરમિયાન ૧.૧૯ લાખની કિંમતના ૫૦ કિલોના ૪૦૫ બેગ સીઝ કરવામાં આવ્યા હતા. ખટોદરા પોલીસ મથકે ચાર વ્યક્તિ સામે આવશ્યક ચીજવસ્તુ અધિનિયમ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે.

ફરિયાદ મુજબ, નાયબ ખેતી નિયામક (વિસ્તરણ) સુરત સિટી કચેરીના ખેતી અધિકારી વિશાલકુમાર રમેશભાઈ કોરાટ તથા ખેતી અધિકારી વી.આર. મેતલીયાની સંયુક્ત ટીમે ગત ૧૪ માર્ચે બામરોલી રોડ પર જીત ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટમાં આવેલી 'આર એન ઈન્ટરનેશનલ'માં દરોડો પાડયો હતો. તપાસ દરમિયાન ફેક્ટરીમાં સંગ્રહ કરાયેલા યુરિયાને પેઢીના ડાયરેક્ટર રાજ હેમંતભાઈ ડોક્ટરે ટેકનિકલ ગ્રેડ યુરિયા હોવાનું જણાવ્યું હતું. અધિકારીઓએ ખરીદીના દસ્તાવેજોની માંગણી કરતાં 'શ્રી શ્યામ ટ્રેડર્સ'ના છ બિલ રજૂ કરવામાં આવ્યા હતા. જો કે તપાસમાં ભેસ્તાન ખાતે દર્શાવાયેલા સરનામે આવી કોઈ પેઢી અસ્તિત્વમાં જ ન હોવાનું બહાર આવ્યું હતું. વધુ તપાસમાં દિલ્હીની પેઢી મારફતે સબસિડીયુક્ત ખાતરનું ગેરકાયદે હેરફેર કરવામાં આવતું હોવાની શંકા મજબૂત બની હતી.

બારડોલીની ખાતર ચકાસણી પ્રયોગશાળામાં નીમ ઓઈલ પોઝિટિવ મળ્યા બાદ આરોપીઓની માંગણી મુજબ ચેન્નઈની નેશનલ ટેસ્ટ હાઉસમાં ફરી પરીક્ષણ કરાયું હતું. ત્યાં પણ નીમ ઓઈલની હાજરીની પુષ્ટિ થતાં જપ્ત કરાયેલો જથ્થો ખેડૂતો માટે સરકાર દ્વારા સબસિડી પર ઉપલબ્ધ કરાવવામાં આવતું નીમ કોટેડ યુરિયા હોવાનું વૈજ્ઞાનિક રીતે સાબિત થયું હતું. આખરી લેબોરેટરી રિપોર્ટના આધારે ખેતી અધિકારી વિશાલકુમાર કોરાટની ફરિયાદ પરથી ખટોદરા પોલીસે રાજ હેમંતભાઈ ડોક્ટર, નટવરલાલ મોહનલાલ નાયક, મંથન હેમંતભાઈ ડોક્ટર (તમામ આર એન ઈન્ટરનેશનલ) તેમજ હિમાંશુ જોશી (શ્રી શ્યામ ટ્રેડર્સ) સહિત તપાસમાં સંડોવાયેલા અન્ય શખ્સો સામે ખાતર નિયંત્રણ હુકમ-૧૯૮૫ તથા આવશ્યક ચીજવસ્તુ અધિનિયમની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

ISO 9001:2015 CERTIFIED
Subhashchandra S. Rathour (Director) 98241 48450
ISO:9001:2015 Certified Company SINCE - 1998
REAL SCIENTIFIC INDUSTRIES
SUPPLIERS & REPAIRERS FOR GLASS PLANTS SYSTEMS & EQUIPMENTS
PLOT NO: 4107, NR. CRYSTAL CHOWKADI, G.I.D.C. ANKLESHWAR-393 002, DIST: BHARUCH
OFFICE PH. :02646-222761, MOB: 9824148450-9824423450 - 9904476131
E-mail : sales@realglassware.com & realglassware@gmail.com

Authorised Dealer:
FAIR TRADERS
CHASING EXCELLENCE, DELIVERING VALUE
G-8, Ground Floor, Asian Trade Centre,
Asian Paint Chowkdi, GIDC,
Ankleshwar- 393 002, Gujarat (India)
SPITMAAN® Champion Jointing Pvt. Ltd.
Sealflex™ Jointing Sheet
fairtraders_ank@yahoo.co.in
Mob: +91 90335 77707
Mob: +91 98241 11510
• Asbestos & Non Asbestos Gasket & Sheet • Spiral Wound Gasket • Teflon Products
• All Type of Packing • Expanded PTFE Products • PVC Gasket

# UPL યુનિવર્સિટીમાં આર એન્ડ ડી સેન્ટર અને સેન્ટર ઓફ એક્સેલન્સ ફોર પ્રોસેસ સેફટીનું ઉદ્ઘાટન

સસ્ટેનેબલ ટેક્નોલોજી માટેની UPL યુનિવર્સિટી ખાતે તાજેતરમાં નવા આર એન્ડ ડી (R&D) સેન્ટર અને સેન્ટર ઓફ એક્સેલન્સ ફોર પ્રોસેસ સેફ્ટીનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું. આ સાથે યુનિવર્સિટીએ નવીનતા, ઉદ્યોગલક્ષી સંશોધન અને ટકાઉ ટેક્નોલોજીકલ વિકાસ પ્રત્યેની પોતાની પ્રતિબદ્ધતાને વધુ મજબૂત બનાવી છે. આ પહેલ સુરક્ષિત ઔદ્યોગિક કાર્યપદ્ધતિઓને પ્રોત્સાહન આપવા તેમજ ભવિષ્ય માટે સજ્જ એન્જિનિયરિંગ પ્રતિભા વિકસાવવા માટેની ક્ષમતાઓના નિર્માણમાં મહત્વપૂર્ણ પગલું સાબિત થશે.

આ કાર્યક્રમમાં યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન (UGC), નવી દિલ્હીના ભૂતપૂર્વ અધ્યક્ષ પ્રો. વી. એન. રાજશેખરન પિલ્લઈ મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યા હતા. પોતાના સંબોધનમાં તેમણે વિદ્યાર્થીઓ, અધ્યાપકો અને ઉદ્યોગજગતના પ્રતિનિધિઓને સમાજ માટે અર્થપૂર્ણ અસરકારક અને વિવિધ ક્ષેત્રોમાં ટકાઉ વિકાસને પ્રોત્સાહન આપતા સંશોધનો કરવા પ્રેરણા આપી હતી.

નવા સેન્ટરોનો હેતુ શૈક્ષણિક સંસ્થાઓ અને ઉદ્યોગ વચ્ચે વધુ ગાઢ સહયોગ સ્થાપિત કરવાનો, પ્રાયોગિક શિક્ષણને પ્રોત્સાહન આપવાનો તેમજ પ્રોસેસ સેફ્ટી ક્ષેત્રમાં શ્રેષ્ઠતા વિકસાવવાનો છે. આધુનિક કેમિકલ, મેન્યુફેક્ચરિંગ અને એનર્જી ઉદ્યોગોમાં પ્રોસેસ સેફ્ટી અત્યંત મહત્વપૂર્ણ આધારસ્તંભ માનવામાં આવે છે.

# અંકલેશ્વરના માતોશ્રી ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા આવશ્યક સેવા કર્મીઓને રેઈનકોટનું વિતરણ

અંકલેશ્વરની માતોશ્રી ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા શારદા ભવન ટાઉન હોલ ખાતે આવશ્યક સેવાઓમાં ફરજ બજાવતા કર્મચારીઓ અને જવાનો માટે રેઈનકોટ વિતરણ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં રાજ્ય સરકારના જળ સંપત્તિ અને પાણી પુરવઠા મંત્રી ઈશ્વરસિંહ પટેલ, ધારાસભ્ય રમેશભાઈ મિસ્ત્રી તેમજ અંકલેશ્વર પાલિકા પ્રમુખ જીગ્નેશ અંદાડિયા મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યા હતા. મહાનુભાવોના હસ્તે દીપ પ્રાગટ્ય બાદ અંકલેશ્વર અને ભરૂચના ટીઆરબી જવાનો, ટ્રાફિક પોલીસ કર્મચારીઓ, ૧૦૮ ઈમરજન્સી સેવાના કર્મચારીઓ, પાલિકાના ફાયર વિભાગના જવાનો તેમજ મીડિયા કર્મીઓને રેઈનકોટનું વિતરણ કરાયુ હતુ. કાર્યક્રમમાં મમતા ચિલ્ડ્રન હોસ્પિટલના ડૉ. નીરજ ગુપ્તા, શહેર




ભાજપ પ્રમુખ ધર્મેન્દ્ર પુષ્કર્ણા, જિલ્લા ટ્રાફિક પીએસઆઈ સરવૈયા સહિત આગેવાનો અને આમંત્રિત મહેમાનો ઉપસ્થિત રહ્યા હતા.

# અંકલેશ્વર ખાતે ખોડલધામ ટ્રસ્ટના ચેરમેન નરેશ પટેલના જન્મદિવસ નિમિત્તે સેવા કાર્યો યોજાયા

શ્રી ખોડલધામ ટ્રસ્ટ-કાગવડના ચેરમેન નરેશ પટેલના જન્મદિવસ નિમિત્તે છેલ્લા ઘણા વર્ષોથી મેગા બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવી રહ્યું છે. ત્યારે આ વર્ષે પણ નરેશભાઈ પટેલના ૬૧ મા જન્મદિવસે રાજકોટ સહિત ગુજરાત અને ગુજરાત બહાર કુલ ૭૫ થી વધુ સ્થળે મેગા બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. શ્રી ખોડલધામ ટ્રસ્ટ-કાગવડ અને સદભાવના ચેરિટેબલ ટ્રસ્ટ-રાજકોટના સંયુક્ત ઉપક્રમે ૧૧ મી જુલાઈએ અંકલેશ્વર ખોડલધામ સમિતિ દ્વારા શ્રી પાટણ લેઉઆ પાટીદાર સમાજ જીઆઈડીસી ખાતે મેગા બ્લડ ડોનેશન કેમ્પ યોજાયો. આ મેગા બ્લડ ડોનેશન કેમ્પમાં રક્તદાન કરીને સૌ રાષ્ટ્રસેવામાં સદભાગી થયા હતા.

આ પ્રસંગે દક્ષિણ ગુજરાત ખોડલધામ ઝોન અધ્યક્ષ ભરત પટેલ, ટ્રસ્ટી હિમંત શેલડીયા, પંકજ ભુવા, જિલ્લા કન્વીનર જયશીલ પટેલ, અંકલેશ્વર ખોડલધામ સમિતિના વિપુલ વેકરીયા અને ટીમ, અંકલેશ્વર મહિલા સમિતિના કન્વીનર અમીબેન સોજીત્રા ટીમ ઉપરાંત જિલ્લા ખોડલધામ પરિવારના સૈનિકો કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા. સાથોસાથ સરદાર પટેલ સમાજ અંકલેશ્વરના પુર્વ પ્રમુખ હસમુખ દુધાત, પાટણ લેઉઆ પાટીદાર સમાજ ના આગેવાન રમેશ ભાઈ પટેલ ડાયનેમિક ગ્રૂપ અને સમાજના ભાઈઓ બહેનો યુવાઓ સમાજના ઉધોગ સાહસિકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. જરૂરિયાતમંદ દર્દીઓને રક્ત સમયસર રક્ત મળી રહે તેવા ઉમદા હેતુથી છેલ્લા ૨૬ વર્ષથી નરેશ પટેલના માર્ગદર્શન હેઠળ દર વર્ષે તેઓના જન્મદિવસે મેગા બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવી રહ્યું છે. વર્ષોથી સર્વરોગ નિદાન કેમ્પ, રક્તદાન કેમ્પ, કુદરતી આપત્તિઓમાં સહાય સહિતના સેવાકીય કાર્યો કરવામાં આવી રહ્યા છે. જેમાં હજારોની સંખ્યામાં રક્તદાતાઓ રક્તદાન કરી જરૂરિયાતમંદ દર્દીઓને નરેશ પટેલના માધ્યમથી રક્ત પહોંચાડે છે. રક્તદાન કેમ્પમાં તમામ સમાજના ભાઈઓ-બહેનો મોટી સંખ્યામાં જોડાઈને ઉત્સાહથી રક્તદાન કર્યું હતું.

આ ઉપરાંત અંકલેશ્વર ના શ્રી મંગલમ પરિવાર દ્વારા ભરૂચ વિડલો ના ઘર કસક ખાતે વડીલો ને ભોજન સેવાનો કાર્યક્રમ આયોજન કરવામાં આવ્યું હતું જેમાં દક્ષિણ ગુજરાત ઝોન અધ્યક્ષ ભરત પટેલ જયશીલ પટેલ સહ કન્વીનર નીતિન સાવલિયા, પ્રવદીશ પટેલ, કાર્તિક પટેલ, ભરૂચ ઝાડેશ્વરના શૈલાબેન પટેલ, ભરૂચ શહેર મહિલા સમિતિના ઉર્મીબેન વાનાણી ઉપસ્થિત રહ્યા હતા તથા અંકલેશ્વર પ્રતિન ચોકડી પાસે ભુખ્યાને ભોજન સેવા નું આયોજન કરવામાં આવ્યું હતું. ઉપરાંત મધ્યપ્રદેશના તિલગારા, ઝારખેડા તથા મુંબઈ, બેંગલોર ખાતે નરેશભાઈ જન્મદિવસ નિમિત્તે વિવિધ સેવાકીય કાર્યક્રમો યોજાયા હતા.

# હાંસોટના રાયમા પાસે ત્યજી દેવાયેલું બાળક મળ્યું:જન્મના ૩ દિવસમાં બાળક તરછોડાયું હોવાનો ખુલાસો, પોલીસે તપાસ શરૂ કરી

ભરૂચના હાંસોટ તાલુકાના રાયમા ગામ નજીક નહેર પાસેથી ત્યજી દેવાયેલું નવજાત બાળક મળી આવ્યું છે. આ મામલે હાંસોટ પોલીસે સ્વયં ફરિયાદી બની ભારતીય ન્યાય સંહિતાની સંબંધિત કલમો હેઠળ ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

બાળકને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યું હતું. તબીબી તપાસમાં સામે આવ્યું છે કે બાળકનો જન્મ થયાના માત્ર ત્રણ દિવસમાં જ તેને ત્યજી દેવામાં આવ્યું હતું. બાળકના શરીરે સામાન્ય ઈજાઓ પણ જોવા મળી હતી, જેની સારવાર ચાલી રહી છે.

પોલીસે આ બનાવને ગંભીરતાથી લઈ આરોપીઓ સુધી પહોંચવા માટે સઘન તપાસ હાથ ધરી છે. તપાસના ભાગરૂપે આસપાસના વિસ્તારના CCTV ફૂટેજની ચકાસણી કરવામાં આવી રહી છે, તેમજ સ્થાનિક લોકોની પૂછપરછ પણ ચાલી રહી છે. પોલીસે જણાવ્યું કે બાળકને ત્યજી દેનાર જવાબદાર વ્યક્તિઓ સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.


JESTAR INSTRUMENT ENGINEERS
+91 9426129718
+91 9428588901
All Flow Measurement Solution: For Liquid, GAS, AIR, SLURRY Etc.
Level Measurement Solution: For Clear Liquid and With Vapor & Foams
PH, ORP and TDS (Conductivity) Measurement Gas Detection System
All Types of INSTRUMENTATION Suppliers and Instrumentation Designing, Consulting & Installtion Work
Authorised Dealers for: PHOENIX CONTACT, BROIL, BROTEK, BI BELA INSTRUMENTS, YTC, SENSEWELL
starankleshwar@gmail.com | sie_ank@yahoo.com
B/G-5, Sardar Patel Complex, GIDC, Ankleshwar, Gujarat 393002

MEGA MACHINERY
M.D. PATEL +91 98241 01133
Mfg. Of: cGMP Centrifuges
1. Top Discharge Centrifuge
2. Beg Lifting Centrifuge
3. Bottom Discharge Centrifuge
Plot No: A1-5301, Nr. J.P. Industries, Mega Chowkadi, GIDC, Ankleshwar - 393 002
E-mail: sales@megamachineryindia.com | www.megamachineryindia.com

PERFECT SCALE SINCE - 1988
Govt. Approved
PERFECT SCALE
SALES & SERVICE
AN ISO 9001 : 2015 CERTIFIED COMPANY
One Stop Solution for All Types of Electronic Balances & Weighing Automation
12, Bhavesh Shopping Centre, Behind Hotel Royal Palace, Near Railway Station, GIDC, Ankleshwar - 393 002.
Ph. : 02646 253759 • M. : 98241 12531 • Email : sales@perfectscale.in, perfect.scale@yahoo.com • Web : www.perfectscale.in

M :- 098252 75080, 094277 06485
A-ONE CONSULTANTS
EXPLOSIVE CONSULTANTS & SOLVENT CONSULTANTS
Email :- aoneconsultant@yahoo.com Web: www.aoneconsultants.com
Contact For Following Licenses
(1) Methanol Consultant (2) Ethanol Consultant (3) Poison Licence (4) Sulphur Licence (5) Chlorate Licence (6) Explosive Licence (7) PESO Licence (8) Solvent Consultant (9) MSME Registration (10) IEM from Delhi (11) APP Certificate From Gandhinagar (Annual Production Program from I.C. Office Gandhinagar for Ethanol)
Fire Crackers Manufacturing, Store and Sale with Godawon Approved
We Provide Professional Services to aquiring PESO / Explosive Licence/ MA-1 & MA-2 Licence /Poison Licence/APP From Gandhinagar/ Methanol & Ethanol Licence / Sulphur Licence From Concern Dept.
-: Branch office :-
145, DREAMZ, A Buisness Park, At & Post. Vaillage Amadara, Dahej Bharuch High way, Bharuch (DIST-BHARUCH)
-: Registered office & Administration office :-
ADD.: 220, Panchratna Bldg, Char Rasta, G.I.D.C. VAPI - 396 195 (DIST-VALSAD)
Email: aoneconsultant@yahoo.com. Web: www.aoneconsultants.com. (M) 9825275080, 9427706485

GREENLEAF ENVIROTECH LTD.
93275 65428 | 98751 08709 sales@greenleafenvirotech.in www.greenleafenvirotech.in
Our Environmental Laboratory Accreditation & Recognized by NABL (ISO: 17025), MoEF & CC (EPA 1986) & GPCB SCH-II Environmental Auditors
WHY US? 15+ Years of Experience, Industry Versatile, Technology-Driven & Future-Ready
ESG • SUSTAINABILITY • CLIMATE ACTION SOLUTIONS
• ESG Reporting
• Carbon, Water & Green Credit Advisory
• GHG Accounting & Carbon Footprint Studies
• Sustainability & BRSR Reporting
• Environmental Product Declarations (EPD)
• Environmental Consulting & Due diligence
• Energy & Water Audits
OUR CLIENT: adani, IndianOil, BKT, Reliance, TATA, ONGC, NITREX, POLYCAB, LARSEN & TOUBRO, zydus, BOROSIL renewables, UPL, SUZLON, GOLDI SOLAR
Other Services: Environmental Consulting & Monitoring | Turnkey Wastewater Treatment Solutions | Fire Safety Systems

YATHARTH REFRACTORY LINING WORKS
ALL TYPE OF REFRACTORY WORK & ACID PROOF BRICK/ TILE LINING CONTRACTOR AND SUPPLIER
Supplier: Refractory Fire Bricks/ Blocks/ Tiles, Castable, Mortar, Acid Proof Mortar & Ceramic Blanket Module
Service Provider: Refractory Work, Acid Proof Brick/Tiles Lining Work, Castable work, Insulation Brick Lining, Mastic Work, Boiler Refractory Work
THERMAX (Vender)
Address: Shop No: 22, Dharmnandan Building, Rajpipla Road, Near Santinagar 2, Ankleshwar-393001, Dist: Bharuch (Gujarat).
Mr. Sunil Chauhan +91 89057 88945 +91 99259 77497
yatharthrlw@gmail.com | www.yatharthrlw.com



માલિક : જિતેન્દ્રકુમાર બબલભાઈ પટેલ દ્વારા મુદ્રિત, પ્રકાશિત તેમજ સંપાદિત તથા ઈંકપોટ પબ્લિકેશન્સ પ્રાઈવેટ લીમીટેડ, ૫૩૦-૫૩૩, નરસિંહ એસ્ટેટ, લુબી જેલ એલ.એલ.પી. ની સામે , બસ સ્ટેન્ડની નજીક, ગામ: મંજુસર, તાલુકો: સાવલી, જિલ્લો: વડોદરા, ગુજરાત -૩૯૧૭૭૫ ખાતે મુદ્રિત કરી ઓમકાર-૨ કોમ્પ્લેક્સ, ટી.એફ.-૬૬, ત્રીજો માળ, લોર્ડ્સ પ્લાઝા હોટેલ નજીક, સ્ટેશન રોડ, જી.આઈ.ડી.સી.,અંકલેશ્વર, જિલ્લો : ભરૂચ , રાજ્ય :ગુજરાત -૩૯૩૦૦૨ ખાતેથી પ્રકાશિત કર્યું.
તંત્રી: જિતેન્દ્રકુમાર બબલભાઈ પટેલ / EDITOR: JITENDRAKUMAR BABALBHAI PATEL
PRINTED, PUBLISHED, OWNED & EDITED BY JITENDRAKUMAR BABALBHAI PATEL AND PRINTED AT INKPOT PUBLICATIONS PRIVATE LIMITED, 530-533, NARSINH ESTATE, OPP. LUBI GEL LLP, NEAR BUS STAND,VILLAGE: MANJUSAR, TALUKA: SAVLI, DIST: VADODARA, GUJARAT-391775 AND PUBLISHED AT OMKAR-2 COMPLEX, TF-66, THIRD FLOOR, NEAR LORDS PLAZA HOTEL, STATION ROAD, G.I.D.C, ANKLESHWAR, DIST: BHARUCH, STATE: GUJARAT-393002